**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેર આજે ફટાકડાથી ગાજી ઉઠશે

**ચૂંટણીના પરિણામોને લઈ શહેરમાં તડામાર તૈયારીઓ થઈ : ફટાકડા, ગુલાલ, ફુલો, પાર્ટીના બેનરો, પીપુડાઓની ખરીદી મોટા પ્રમાણમાં કરવામાં આવી : ત્રણેય પાર્ટીના ઉમેદવારોએ અગાઉથી જ આતશબાજી માટેની તૈયારીઓ કરી લીધી**






ગાંધીનગર, તા.૭

વિધાનસભાની ચૂંટણી યોજાઈ ગઈ અને હવે ચૂંટણીના પરિણામનો દિવસ આવ્યો છે. ત્યારે ત્રણેય પાર્ટીના ઉમેદવારો અને કાર્યકર્તાઓએ જીતની ખુશી માણવા માટે અગાઉથી જ આતશબાજીની તૈયારીઓ કરી દીધી છે. બજારોમાં ફડાકટા, ગુલાલ, મીઠાઈની દુકાનોમાંથી આ તમામ ચીજવસ્તુઓની અગાઉથી જ ખરીદી કરવામાં આવી છે. જીતનાર પક્ષ જે કોઈ હોય પણ આ વેપારીઓને જલસા પડી ગયા છે. શહેરમાં ચૂંટણીના પરિણામના દિવસે દિવાળી જેવો માહોલ બની જાય છે. માર્ગો ઉપર ગુલાલ અને ફડાકટાઓથી વિજયોત્સવ મનાવવામાં આવે છે ત્યારે આઠમી ડીસેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ છે ત્યારે ત્રણેય પક્ષના ઉમેદવારોએ જીતની ખુશી માણવાની ઉત્સાહપૂર્વક તૈયારીઓ આગલા દિવસથી જ કરી દીધી છે. મીઠાઈની દુકાનોમાં મીઠાઈના ઓર્ડર અપાઈ ચુકયા છે. ફટાકડા બજારો વગર દિવાળીએ ધમધમી રહયા છે. ફુલોની માંગ ઓન ડિમાન્ડ જોવા મળી રહી છે. ફુલોનો સ્ટોક વેપારીઓએ મોટા પ્રમાણમાં મંગાવી રાખ્યો છે. માર્ગો પર ઠેરઠેર ફુલો ઉડશે તેવો જશ્ન કરવામાં આવશે. જેમાં શહેરમાં વેપારીઓ તેજીના માહોલમાં છે.

ત્રણેય પાર્ટીના ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવીને આ વખતે પ્રચાર કર્યો છે તથા મતદારોએ પણ તેમના લાયક ઉમેદવારોને વોટ આપવા વહેલી સવારથી લાઈનોમાં લાગી ગયા હતા. ત્યારબાદ મતદારો અને ઉમેદવારો શું પરિણામ આવશે તેની ચર્ચાઓમાં વ્યસ્ત બન્યા હતા જેનો હવે અંત આવ્યો છે. આ વખતે ત્રણેય પક્ષના પરિણામો બાબતે અલગ અલગ મંતવ્યો આવતા આ ચૂંટણીના પરિણામ રસપ્રદ રહેશે.

સરકારી કચેરીઓમાં પણ આખો દિવસ ચૂંટણીના પરિણામોની ચર્ચાઓ થઈ રહી હતી. શહેરમાં પીપુડીઓ અને સીટીઓની પણ ડીમાન્ડ વધી જવા પામી છે. સાથે જ ત્રણેય પાર્ટીના સમર્થકો દ્વારા ખાસ પાર્ટીના ધ્વજ અને બેનરો સાથે ત્યાં પહોચશે એટલે કાર્યકરોમાં તેના વિતરણની કામગીરીમાં અગાઉથી જ ખડેપગે કરાયા હતા.

### મનપાએ માર્ગોની સફાઈ માટે ટીમો બનાવી

ચૂંટણીના પરિણામોના દિવસે જાહેર માર્ગો ઉપર પાર્ટીના કાર્યકરો તથા ઉમેદવારો દ્વારા વિજયી રેલી કાઢવામાં આવે છે ત્યારે માર્ગો ઉપર અઢળક કચરો થઈ જાય છે જેના માટે ગાંધીનગર મનપા દ્વારા તેની સફાઈ માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે.

### શહેરમાં ચારેબાજુ ફટાકડાનો શોર ગુંજશે

પરિણામના દિવસે ચારેબાજુ ફટાકડાનો શોર ગુંજી ઉઠે છે ત્યારે ત્રણેય પક્ષના ઉમેદવારોએ અગાઉથી જ ફટાકડા ખરીદી મુકયા છે. ફટાકડાની ખરીદી માટે દુકાનોમાં બોમ્બ, સુતળી બોમ્બ, આતશબાજી ફટાકડાઓની અઢળક ખરીદી કરવામાં આવી છે. શહેરમાં દીવાળી જેવો માહોલ જોવા મળશે. ફટાકડાના વેપારીઓ પાસેથી લાખો રૂપિયાના ફટાકડાનું વેચાણ થયું છે. ત્યારે મત ગણતરી સ્થળોએ સમર્થકો અને વિજેતા ઉમેદવારો મોટા પ્રમાણમાં ફટાકડા ફોડશે.

## જન્મદિને વધામણી



ઝરણા નિકુંજ મિસ્ત્રી




સંજય થોરાત 'સ્વજન'
અધ્યક્ષ, ગાંધીનગર સાહિત્યસભા
મો : ૯૪૨૬૮ ૮૦૪૦૦



રિકીત જે સોની
૯૮૨૪૫૪૪૬૯૭



અશ્વિવ દવે
મો : ૭૫૬૭૭ ૯૭૨૬૮



પ્રશમ હેમાંગ ગાંધી

## આર.એન.પટેલ શાળામાં રીતભાત અને વ્યસનમુક્તિ પર વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત અમારી શ્રીમતી આર. એન .પટેલ પ્રાથમિક શાળા દ્વારા W.D.C. અંતર્ગત તા ૨૯- ૧૧- ૨૦૨૨ ને મંગળવારના રોજ ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ માટે Etiquette અને વ્યસન મુક્તિ માટે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મહેમાન તરીકે Who, unodc, STCCના સલાહકાર તેમજ ગુજરાત આરોગ્ય સલાહકાર સુસાન સેમસન પધાર્યા હતા. સંસ્થા તરફથી પ્લાન્ટ પોટ થી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીમતી આર્.એન. પટેલ પ્રાથમિક શાળાની તેમજ એમ. બી. પટેલ કન્યા શાળાની ધોરણ છ થી આઠની કુલ ૯૦૦ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સુસાન સેમસને દીકરીઓને સારી રીતભાત, વડીલોને માન, મિત્રતા ઉપર ભાર મૂક્યો હતો. દીકરીઓએ ધ્યાનમાં લેવાની બાબતો જેવી કે મારો ભાઈ રાત્રે બહાર ફરે તો હું કેમ ન ફરુ? તેવા ખ્યાલો ન રાખવા જોઈએ. આપણે કોઈની સાથે કમ્પેર ન કરવી જોઈએ. હું કંઈક છું, મને ઈશ્વરે શરીર અને મગજ અને શિક્ષણ આપ્યું છે તે શ્રેષ્ઠ જ છે. હું શ્રેષ્ઠ જ છું તમારે જે બનવું છે તે અત્યારથી જ નક્કી કરો. ખૂબ ખાઓ પાલક, ઈંડા ,ભાજીનો ખોરાકમાં ઉપયોગ કરો. સ્વસ્થ અને તંદુરસ્ત રહેવું તેમ જ સમાજમાં બદલાવ જોઈતો હોય તો આપણે બદલાવવું જોઈએ. શાળાઓમાં અને ગામમાં જઈને લોકોને તમાકુ જેવા વ્યસનથી દૂર રહેવા જણાવ્યું પપ્પા કે વડીલોને વ્યસન છોડવા મજબૂર કરવા પપ્પા દીકરીઓની વાત જલ્દી માની જાય છે વ્યસનની શરૂઆત શાળા જીવનથી થાય છે તમાકુથી થાય છે સિગારેટમાં રહેલા ૪,૦૦૦ થી વધુ રસાયણો શરીરને નુકસાન કરે છે ફેફસાનું કેન્સર થાય છે દીકરીઓને દેખાદેખી કરીને પણ વ્યસન ન કરવા જણાવ્યું વગેરે વગેરે પર ભાર મૂકીને દીકરીઓને ખૂબ જ સાચી સલાહ આપી જે તેમના જીવન માટે ખૂબ જરૂરી છે મહેમાન શ્રી ને સંસ્થા તરફથી આકર્ષક ભેટ આપીને નવાજવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.એન.પટેલ પ્રાથમિક શાળા અર્ચના બેનને કર્યુ હતું.

## ગાંધીનગર શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમુહલગ્ન અને સમુહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા.૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા તા.૫ ફેબ્રુઆરી રવિવારના સંવત ૨૦૭૯ મહાસુદ પુનમના દિવસે ગાંધીનગર ખાતે પંચમ સમુહ લગ્ન અને સમુહ યજ્ઞોપવિતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમ અંતર્ગત તા.૪ ફેબ્રુઆરીએ સાંજે પાંચ કલાકે ડીજેના તાલે રાસગરબા અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ તથા તા.પમીએ સવારે ૫.૩૦ કલાકે સમુહ યજ્ઞોપવિત માટે મંડપ મુહુર્ત/ ગણેશ સ્થાપન, તેમજ યજ્ઞોપવિત સંસ્કાર અને બપોરે ૨ વાગે બટુક યાત્રા સાંજે ૪ વાગે સમુહ લગ્નમાં જાન આગમન વરઘોડો બેન્ડબાજા આતશબાજી સાથે ધામધુમથી કાઢવાનું આયોજન કરવામાં આવ્યું છે અને સાંજના ગૌધુલિક સમયે લગ્ન ગીતની રમઝટ સાથે સમુહલગ્નનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ સમુહલગ્ન/ યજ્ઞોપવિતમાં ફકત સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીઓએ જોડાવાની ઈચ્છા હોય તેમણે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર શ્રી સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન, સે-૧૬ ગાંધીનગર ખાતે સંપર્ક કરી ફોર્મ મેળવી તા.૩૧ડીસેમ્બર સુધીમાં પરત કરવા વિનંતી છે.

વધુમા વધુ ૧૧ લગ્ન અને ૩૧ બટુકોને યજ્ઞોપવિત ધારણ કરાવવાનું આયોજન હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે નરેન્દ્ર વ્યાસ મો : ૯૮૯૦ ૩૨૬૫૯ નો સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ નરેશ દવે અને મહામંત્રી મુકેશ શુકલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સશસ્ત્ર સેના ધ્વજ દિને મુખ્યમંત્રીએ ફાળો અર્પણ કર્યો



ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તારીખ ૭ ડિસેમ્બરના દર વર્ષે ઉજવાતા સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે પોતાનો ફાળો અર્પણ કરીને દેશની સરહદો સાચવતા અને માતૃભૂમિની રક્ષા કરતા વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ હેતુથી આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સૌ કોઈ સ્વૈચ્છિક ફાળો દાન અર્પણ કરી તેમની સેવાઓનો ઋણ સ્વીકાર કરે છે. મુખ્યમંત્રીએ આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉપલક્ષ્યમાં ગાંધીનગરમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ વેળા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર, સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક, લેફટનન્ટ કર્નલ ક્રિષ્ણદિપસિંહ જેઠવા અને અધિકારીઓ જોડાયા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.રબારી સીતાબેન નારણભાઈ ઉ.વ.૬૪, પેથાપુર
- સ્વ.પરમાર પોલાભાઈ માવજીભાઈ ઉ.વ.૭૧, સે-૧૫, ફતેપુર

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિ વિસર્જન સેવાના પુષ્પાંજલિ પ્રાર્થનામાં જોડાવા માટે અપીલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર અંતિમધામ સરગાસણ તથા દહેગામ ખાતે અગ્નિસંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિ વિસર્જન હરિદ્વાર ખાતે ગંગા તટે કરવાનું આયોજન ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ૧૯૯૬થી કરીરહેલ છે. તા.૧૦ ડીસેમ્બરના રોજ સવારે ૯.૧૫ કલાકે અંતિમધામ ખાતે તા.૧૦/૯/ ૨૦૨૨થી તા.૯/૧૨/૨૦૨૨ દરમ્યાન અવસાન પામેલા સ્વજનોના અસ્થિ લઈ ઉલ્લાસ વોરા, અને સાથીઓ તા.૧૦ ડીસેમ્બરે હરિદ્વાર મેલ દ્વારા ગાંધીનગરથી પ્રાર્થના પુષ્પાંજલિ બાદ રવાના થશે. જેમાં અમદાવાદના જે.કે.પટેલ જોડાશે. જે વખતે સ્વજનો, નાગરિકોને ઉપસ્થિત રેવાનું જણાવાયું છે. અસ્થિ વિસર્જન સેવાનું સંચાલન અરૂણ બુચ, મુકેશ શુકલ, શશીકાંત મોઢા, પ્રદીપ સોલંકી, કીશોર જીકાદરા કરી રહયા છે. આજદીન સુધીમાં કુલ ૪૩૭૦૦ સ્વજનોના અસ્થિ વિસર્જન કર્યા હોવાનું સુધીર દેસાઈ તથા ભાનુભાઈ દવેએ જણાવ્યું હતું. તા.૧૦ ડીસેમ્બરે સવારે ૯.૧૫ કલાકે ઉપસ્થિત રહેવા વસાહત મહામંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે.

વિસર્જન હરિદ્વાર ખાતે હર કા પૌઢી ખાતે તા.૧૨/૧૨/ ૨૦૨૨ના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન કરવામાં આવશે.

## પુસ્તક પરબ ખાતે રાઈટ ટાઈમ પુસ્તકનું ભારતીય બેઠક સાથે વિમોચન



પુસ્તક પરબ એ દર મહિનાના પ્રથમ રવિવારે સમગ્ર ગુજરાતમાં યોજાય છે. ગાંધીનગર સેક્ટર - ૬ ખાતે ધ્રુવ પ્રજાપતિ દ્વારા પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. રવિવારે પુસ્તક પરબ સેક્ટર ૬ શાખા ખાતે ધર્મેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં યુવા સર્જક નિરજ ગામીત અને નિસર્ગ મોડિયાના સંપાદનમા તૈયાર થયેલા ફેક્ટબેઝ લેખનનુ પુસ્તક 'બેસ્ટ ઑફ રાઈટ ટાઈમ'નું અનોખી રીતે વિમોચન કરવામાં આવ્યું હતું. કોઈ પણ પ્રકારના પૂર્વ પ્રચાર વગર થયેલા આ વિમોચનમાં ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, જાણીતા વાર્તાકાર ધર્મેન્દ્ર ત્રિવેદી, વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર રેવતુભા રાયજાદા, ગુજરાતી ભાષા સંવર્ધક નીલેશ થાનકી, 'રાઈટ ટાઈમ' પુસ્તકના સંપાદક નીરજ ગામીત અને નિસર્ગ મોડિયાના હસ્તે બગીચાની અંદર નૈસર્ગિક વાતાવરણમાં ભારતીય બેઠક સાથે વિમોચન કરવામાં આવ્યું હતું. "રાઈટ ટાઈમ" ઈલેક્ટ્રોનિક મૅગેઝિન એ માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના યુવાનોમાં જાણીતું છે જેના ભાગરૂપે આ પુસ્તક તૈયાર થયું છે. આ બન્ને યુવાનો માત્ર સારા સંપાદકો જ નથી, પરંતુ સારા લેખક પણ છે. નિસર્ગ મોડિયા લેખનની સાથે નિજાનંદ માટે વાંસળી વગાડે છે. નીરજ ગામીતમાં લેખો લખવાની સાથે સાથે નિબંધ લખવાની પણ સારી એવી હથોટી છે.

## આજે માગશર મહિનાની પૂનમ

**માગશર પૂર્ણિમાએ તીર્થ સ્થાન અને દાન કરવાથી અનેક યજ્ઞ કરવા જેટલું પુણ્ય મળે છે**





ગાંધીનગર, તા.૭

માગશર મહિનાની પૂનમ તા.૮મી ડીસેમ્બરે છે. આ દિવસે સ્નાન, દાન, વ્રત અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાની પરંપરા છે. આ પૂનમ તિથિએ સ્નાન અને દાન કરવાથી અનેક યજ્ઞ કરવા જેટલું પુણ્ય મળે છે. આ તિથિએ ભગવાન વિષ્ણુ અને કૃષ્ણની પૂજા કેશવ સ્વરૂપમાં કરવી જોઈએ સાથે જ પૂજામાં શંખથી અભિષેક કરવો જોઈએ. આ દિવસે વ્રત રાખવાથી સ્વાસ્થ્યમાં સુધાર આવે છે. આ આખા મહિનામાં પૂજા પાઠ અને વ્રત કરનાર લોકો માટે પૂનમનો દિવસ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દિવસે તીર્થ કે કોઈ પવિત્ર નદીમાં સ્નાન કરીને દાન કરવાથી પાપનો નાશ થાય છે. માગશર સુદ પૂનમના રોજ ગીતા પાઠ કરવાનું પણ મહત્વ છે. આ દિવસે ગીતા પાઠ કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. પુરાણો પ્રમાણે આ પૂનમ તિથિએ તુલસીના છોડના જડની માટીથી પવિત્ર સરોવરમાં સ્નાન કરવાનું વિધાન છે. આવું કરવાથી ભગવાન વિષ્ણુની કૃપા મળે છે. તુલસીના છોડમાં જળ ચઢાવવું જોઈએ આ દિવસે અબીલ, ગુલાલ, અક્ષત, ચંદન, ફુલ, જનોઈ, નાડાછડી અને અન્ય સુગંધિત પૂજા સામગ્ર સાથે ભગવાનની પૂજા કરવી જોઈએ. સત્યનારાયણ ભગવાનની કથા કરીને નૈવેદ્ય ધરાવવો અને આરતી પછી પ્રસાદ વહેંચવો જોઈએ.